નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઇ–સામયિક)

જાન્યુઆરી– ૨૦૧૩

વર્ષ – ૧   અંક – ૬



તંત્રી - સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે, સાહિલ, શશિકાંત ભટ્ટ 'શૈશવ' જિતુ પુરોહિત

આ અંકના ફોટોકલાકાર : માર્સિન સાશા (Marcin Sacha) અક્ષરાંકન : ભૂલોક દવે લેઆઉટ : યોગેશ વૈદ્ય
ટેકનિકલ સહયોગ : હાર્દિક ભટ્ટ, દિનેશ વાઘેલા

o 'નિસ્યંદન' વિશે

- o મૂળત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા / અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે
- o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા.
- o નિસ્યંદન' આપના ઇ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો - બ્લોગ http://mryogi62.blogspot.com પર જઈ જરૂરી કડીઓ અંતર્ગત 'નિસ્યંદન' વિષયક પ્રથમ કડી પર ક્લિક કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી submit કરો
- o આપના સાહિત્યકાર મિત્રો / કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા નમ્ર વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

- o અપ્રગટ મૌલિક કાવ્ય રચનાઓ તથા કાવ્ય અનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.
- o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકેલ પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*
- o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)
- o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.
- o 'નિસ્યંદન'ના સુશોભન / મુખપૃષ્ઠ માટે આપના દ્વારા પડાયેલ સુંદર ફોટોગ્રાફ / ચિત્રો.
- o પુસ્તક પરિચય માટે – પુસ્તકની એક નકલ.
- o *'નિસ્યંદન'મા પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*
- o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઇ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ ઠેકાણાં :

- **o** ટપાલી દ્વારા – યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ. ૩૬૨૨૬૫ - (ગુજરાત). ભારત.
- **o** ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com
- **o** બ્લોગ પર http://mryogi62.blogspot.com
  http://yogesh-vaidya.blogspot.com

* અનુક્રમ *



o સંપાદકીય

અલગ કેડો કંડારવા વાળા...

એક દૃશ્યાવલી નજર સામેથી પસાર થઈ રહી છે :

નગરજનોનો એક મોટો સમૂહ રાજમાર્ગ પર યાત્રાએ નીકળ્યો છે. સહુ પોતપોતાના ગજા પ્રમાણે આ સમૂહમાં સ્થાન પામ્યા છે. સહુની સામે એક સુગમ, સમથળ અને ગંતવ્યગામી-સીધો રાજમાર્ગ છે જે વર્ષો પહેલાં કોઇકે બનાવ્યો હતો. સુખમય અને આરામદાયક યાત્રાની સહુને ખેવના છે અને સહુ નિશ્ચિંત પણ છે. પણ આ સમૂહમાં કેટલાંક માથાફરેલ જરા અલગ લાગતાં મુસાફરો પણ છે. તેમણે આ રાજમાર્ગથી ઊફરી દિશા લીધી છે. નવા કેડા નિર્ધાર્યા છે. તેના પરના ઝાડીઝાંખરાં કાપતાં કાપતાં, કેડાને સમથળ કરતાં તેઓ એક નવી દિશાથી ગંતવ્ય તરફ આગળ વધી રહ્યા છે. જો કે આ રસ્તે ક્ષણેક્ષણે નવા પડકારો તો આવે પણ સાથેસાથે તેમને હરક્ષણ નવોન્મેષ , નિતનવા આશ્ચર્યનો/અચંબાનો મોમેળાપ પણ થાય. આ રોમાંચ આમ ઊફરા ચાલવામાં પડતી મુસીબતો સાટે તેમને મળતો પુરસ્કાર !!

સાંજે સહુ ગંતવ્યસ્થાને પહોંચી જાય, આ રાજમાર્ગવાળા અને પેલા કેડાવાળા, લગભગ સાથેસાથે અથવા થોડા આગળ પાછળ. ઉતારા પર સામૈયાં થાય આ રાજમાર્ગ પર થઈને પહોંચનારાનાં. પેલા કેડા કંડારીને અહીં પહોંચેલા જરા દૂર બેસીને આ ઉજમને જોયા કરે. તેમના પ્રવાસની પણ કયાંક નોંધ લેવાય તો કેવું ?? તે વિષે તેમાંના કેટલાક વિચારે ,કેટલાક ના વિચારે. પણ એક વાતની તે બધાને ચોક્કસ પ્રતીતિ કે - અમે આજે જે કેડા કંડાર્યા છે તે આવતી કાલે નક્કી રાજમાર્ગ થઈ જવાના છે.

આપણી ભાષા વિષે, આપણા સાહિત્ય વિષે પણ તેના ઉત્ક્રાંતિગત વિકાસના સંદર્ભે વિચારીએ છીએ તો આવું જ કંઈક દૃશ્ય ઊપસી આવે છે. કેટલાક માથાફરેલ અલગારીઓ અભિવ્યક્તિની રૂઢ થઈ ગયેલી તરાહોની, ઘસાઈ ગયેલી ભાષાની અને પ્રસ્થાપિત માળખાંઓની સમાંતરે એક નવી જ અભિવ્યક્તિની તરાહ આપણી સામે મૂકી આપે છે, વપરાઈ વપરાઈને બુઠ્ઠાં થઈ ગયેલા શબ્દોને અણિ કાઢી નવા ઉન્મેષ પ્રગટાવવાના પ્રયાસો કરે છે. આ પ્રક્રિયામાં મોટેભાગે પેલી પ્રસ્થાપિત / રૂઢ પરંપરાને સ્વાભાવિક ખરોચ આવે. આમાં કોઈને દુર્બોધ થાય તો કોઈને અણગમો થાય. અવગણના પણ થાય. (સામા પક્ષે કેટલાક અલગારીઓ જાતે જ સામાન્ય પ્રવાહથી અલગથલગ થઈને રહી જાય) ક્યાંક જીદપૂર્વકના સામસામા અસ્વીકાર પણ આકાર લઈને ઊભા રહે.

પણ એક મક્કમ ગતિએ આ કામ ચાલતું જ રહે છે. ચાલતું રહેવું જોઇએ. હકીકતે બંધિયાર પાણીને બદલતાં રહેવાની આ પ્રક્રિયા જ કોઇ પણ ભાષાને તરોતાજાં અને વિકસતી રાખી શકે. સૈકાઓ પહેલાંની આ ભાષા આજે જે સ્વરૂપમાં પહોંચી છે તે આવા નિષ્ઠાવાન, વિવેકશીલ અને સ્વયંશિસ્તબદ્ધ તોડફોડિયા ઉદ્યમોના પ્રતાપે જ છે. વિકસતી રહેવા ઇચ્છતી કોઈ પણ ભાષા માટે આ પ્રક્રિયા અનિવાર્ય છે. રાજમાર્ગ પરથી આવતા યાત્રીઓ જેટલા જ અગત્યના છે પેલા નવા કેડા કંડારી ચાલતા અલગારીઓ.

યોગ્ય પોંખણાં તેના પણ થવાં જોઇએ.

યોગેશ વૈદ્ય તારીખ : ૦૧ - ૦૧ – ૨૦૧૩

0 ગીત

મારા પગમાંથી ફૂટ્યો છે અંધકારનો રેલો ;
આ પડછાયાનો વેલો ;

અડખેપડખેના અજવાળે લાંબો અને બળૂંકો !
ઉપરથી અજવાળું આવે તો જ થવાનો ટૂંકો !
મારા પગની પાની સાથે સજ્જડબંબ જડેલો !
આ પડછાયાનો વેલો !

અંધારામાં અલોપ થાતો, ભાગી જાતો લાગે
હકીકતે તો મનનાં ; તનનાં ઊંડાં તળિયાં તાગે !
હળવેહળવે ગુપચુપ ગુપચુપ મુજમાં વસી ગયેલો
આ પડછાયાનો વેલો !

0 સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'







0 ગીત

પડછાયા હાલી નીકળા !
મૂકી પંડ્યને તડકે ; થૈ રઘવાયા હાલી નીકળા !

હાથપગ ને દૂંદ હલાવે ; આંખ કાન એ ક્યાંથી લાવે ?
'તું છો ખાલી પડછાયો ' - એ પડછાયાને કોણ જણાવે ?
લાંબા લાંબા ઓળા ને ઓછાયા હાલી નીકળા
પડછાયા હાલી નીકળા !

સૂરજ સામે પૂંઠ ફેરવી ; વધ્યા ઘટ્યા કિરણ ખેરવી ;
અજવાળાને ભીંસટમાં લઈ , હળવેહળવે જાત સેરવી ;
અત્તરહીણા કાળા રૂના ફાયા હાલી નીકળા
પડછાયા હાલી નીકળા !

0 સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'

O સ્વજન



જે બોલવું
સપાટ બોલવું
ધાર્યું થાનક સામે આવે એવું બોલવું
ખરબચડી , ઢેફાં-ઢેખારાં જેવી જમીન
જ્યાં પાકે કંઈ નહીં , પણ જે ફાટે ઘણી
ત્યાં આંખો બંધ કરી મહેનત કર્યાનો પરસેવો પાડી શકાય
ગઢ-કાંગરા ઠેક્યાનો તૉર ચઢાવી શકાય
પણ ત્યાંથી ક્યાંય ના પહોંચાય
થાકે લાગે ને થાનકે ખોવાય , એવું ઘણી વાર બને

ભાષા પચરંગી , બહુ જોરવાળી. એ ખરું
પણ માછલું ત્યારે ફસાય જ્યારે જાળ હોય
ને ઘેરાયેલું લીલાશ પડતું માટોડિયું પાણી હોય
ખાલીખાલી , ભર્યા પેટે , આંખો બંધ કરી ઝરમર તડકામાં
માછલી પકડ્યાનો ઓડકાર લઈ શકાય , પણ

પણ, મને ખબર છે
તમારી ખબર છે
ઘણી ખબર છે
અને તમે જાણો છો
એટલે જ જેટલા શ્વાસ છે તેટલાં ઢેફાં મારો છો
ને તેટલા વગડા વટાવો છો

O પીયૂષ ઠક્કર







O અમથાજીનું એવું..

અમથાજીનું એવું
ઠમકારો કે ઠોકર એને બધે જ ઓચ્છવ જેવું
અમથાજીનું એવું

પર્વત જેવા મનસૂબા લઈ ખોડંગાતો ચાલે
ઝાડીઝાંખર જેવા દિવસો વચ્ચે જાત સમાલે
ચલાય ત્યાં લગ ચાલ્યા કરવું , ના લેવું ના દેવું
અમથાજીનું એવું

છલકછલક થાતી ઈચ્છાઓ ગજવે લઈને ઘૂમે
ફાટેલી ઘટનાઓ સાંધ્યાં કરતાં ઢૂમેઢૂમે
પાણી જેવું મનમાં ધારી ખળખળ વહેતાં રહેવું
અમથાજીનું એવું

O રમણીક સોમેશ્વર

O આપણે પરસ્પર





આપણે લોકો કદાચ
પરસ્પર એકબીજાંથી ડરીએ છીએ
કશું જ ન સમજાય એ રીતે
એટલે આ બાજુ છે અનંત અવકાશ
અને પેલી બાજુ છે અનંત અવકાશ
વચ્ચે, આકાશ આંબતી
એક ઊભી રેખા દોરીને
હવાના બે ભાગ કરી
આખીયે પૃથ્વીને વચ્ચોવચ્ચથી
ચીરી નાખીને
દોડી જવા માગીએ છીએ
બેઉ બાજુના અવકાશમાં ફંટાઇને

આપણે ડરીએ છીએ પરસ્પર
આપણા માણસ હોવાના આધારે
આપણા માણસ હોવાના ઇતિહાસના આધારે
આપણા માણસ હોવાના દશે દિશાએથી
તરવરી આવતા અગણિત અર્થોના આધારે
આપણા માણસ હોવા - ન હોવાના
પાર વિનાના સંશયોના આધારે
આપણા માણસ હોવાના
એ સિવાયના કૈં કેટલાય સંદર્ભોના આધારે
આપણે ડરીએ છીએ

ધસી જવા માગીએ છીએ
બેઉ બાજુના અવકાશમાં
અત્યંત સમગ્રતા સાથે પૂરા વેગપૂર્વક
સત્વરે ભૂત-ભવિષ્યના અસંખ્ય આકારોમાંથી માર્ગ કરી
દૂર દેખાતી હજ્જારો આકાશગંગાઓ તરફ
આપણે આપણને પામવા
અથવા આપણને ભૂલી જવા માટે

છતાં એ બધાંની છેક ઉપર
બરાબર ટોચે
સ્થિર થયેલા પેલા નિર્ભય તેજવર્તુળ પર
આપણે નજર ઠેરવી શકતાં નથી
કેમ ઠેરવી શકતાં નથી ?
એ વાત પણ આપણને પજવતી નથી

બેઉ બાજુના અવકાશેથી દેખાતું
એ તેજવર્તુળ
પછી લઇ ચાલે છે
બાળપણમાં માના મોઢે સાંભળેલી
પરીકથાઓના કૌતુક ભર્યા વિશ્વમાં
લઈ ચાલે છે પૃથ્વીને ચીર્યા પછીના સ્થાનથી તે
નિર્ભય સુધીના અંતરના ગહન પ્રશ્નમાં

આપણે પછી કદાચ
એ પ્રશ્નના તળિયેથી તબકતા શૂન્યમાં
વિલીન થઈ જઈએ છીએ

આપણે એકબીજાંથી ડરીએ છીએ
એટલે આ બધાના ભોગવટે
ભેરવાઈ જઈએ છીએ સહેલાઈથી
અને વિલીન થયા પછી પણ
સમજણની કોઈ વાત ધારણ કર્યા વિના
અવકાશને પેલે પાર ક્યાંય સુધી
લસરતાં જઈએ છીએ...

આપણે એકબીજાંથી ડર્યાં
નહીંતર આપણે તો પેલા નિર્ભયને
અહીં સુધી ખેંચી લાવીને
રચવું હતું
અખંડ પૃથ્વી પર
એક તેજ તેજથી અંબાર જગત

O ફારૂક શાહ



O ગઝલ

અરીસાની કરચ ભેગી કરી કદ માપવા લાગ્યા
ઝીલ્યું એકાદ ટીપું ત્યાં તો અનહદ માપવા લાગ્યા

બધા ભયની સીમાઓ સાવ ઓળંગાઈ જાવાની
બરફના બાળકો બચપણથી પારદ માપવા લાગ્યા

કળણમાં ખૂંચતા જાયે છે એ લોકોય તક મળતાં
હવાના હાથને ઝાલીને સરહદ માપવા લાગ્યા

નથી જાણી શક્યાં મકસદ સ્વયંનો પણ લગારે ક્યાં
છતાંયે લોક બસ અન્યોના મકસદ માપવા લાગ્યા

ભરમની કુંડળીના પાશમાંથી કેમ એ છૂટે ,
નથી આવડતો કક્કો તોય કાસદ માપવા લાગ્યા

મૂકી કોરાણે 'સાહિલ' નિયતિએ આપેલ સુખ સઘળાં
અવરના ત્રાજવે સહુ ખુદની ઓછપ માપવા લાગ્યા

O 'સાહિલ'





O ગઝલ

એક અસ્તિત્વ ઓળઘોળ થયું.
આભ આખ્ખુંય લાલચોળ થયું.

કોઈએ પંખીને ઉડાડ્યાં છે !
વૃક્ષનું વ્હાલ ટાઢુંબોળ થયું.

લોહીનું ટીપુંય ક્યાં દીધું વ્હેવા !
મારું ખાલીપણું જ ખોળ થયું.

એક સપનાને સોળમું બેઠું ;
ગામ આખું પતાસા-પોળ થયું.

ખૂબ જાણીતી છે જગ્યા તોયે ;
કેમ સરનામું ગોળગોળ થયું !

લ્યો ફરી દરિયે ફેરવ્યું પડખું ;
નાવ ડૂબી – હલેસું છોળ થયું

આખરે રણના હાથથી 'સાહિલ'
મારી ઈચ્છાનું પાણીઢોળ થયું.

O 'સાહિલ'

O એક રાત



આખીય રાત
ફળીના પીપળાએ
મારા ફરતે મૂળ નાંખ્યાં.

કીડીઓ -
અસંખ્ય અને નિર્લેપ કીડીઓએ
ઘરની બહાર ખેંચી જઈને
મારી જ્યાફત ઉડાવી.

બધાં જ સુંવાળા સ્પર્શ
રેશમી વસ્ત્ર માફક
સરકી પડ્યા.

એક ધુમ્મસભર્યો આકાર
ગોળ ગોળ ગોળ ગોળ ઘૂમ્યા કરે
ઘરમાં
ફ્રિઝનું હેન્ડલ, સિંકનો નળ, ટોવેલ રોડ,
તપેલી, ચમચી, છરી, ટીપોય
બધાં જ લોઢાં - લાકડાંને
જીવતાં રાખવાના ઉધામા....

કોઈ ટાંકણું લઈને
શિલાઓ ફોડે પછીતમાં
તેનો ધ્રુજારો ખમતું એક પાણીનું ટીપું
નળમાં અટકી ને પડ્યું છે.
અને સાથેસાથે પાંચીકા જેમ ઉછાળેલા શ્વાસ
અધ્ધર જ રહી ગયા છે
કોઈના ચુંબકીય પ્રભાવમાં.

ખાલીપાનું કઠ્ઠણ શ્રીફળ
બે હાથમાં લઈને
એક પગે ઊભો રહ્યો
આખી રાત.

સવારે
ઘરનું બારણું ઉઘાડ્યું
તો
ઉંબરા ઉપર મળી
ઝાકળભીનાં ફૂલની
એક ઢગલી.

O યોગેશ વૈદ્ય



O ગઝલ



ખાલી ઘરના ફળિયા જેવું જીવતર જાણે.
ઊજવું છું હું મારો અંતિમ અવસર જાણે.

તારાં સ્મરણોનાં ઊંટોનો મેળો લાગ્યો
મારી અંદર ઊભરાયું છે પુષ્કર જાણે.

શબ્દ ભરથરી જેવો ભેખ ધરીને બેઠા
લાગણીઓની પિંગળા રૂવે ભીતર જાણે.

એક અમસ્તું નામ લખ્યું ત્યાં કાગળ મઘમઘ,
શીશીમાંથી ઢોળાયું હો અત્તર જાણે.

અર્ધી રાતે ઊંઘ ઊડે છે હમણાં હમણાં
આઘે આઘે કો'ક વગાડે જંતર જાણે.

O મિલિન્દ ગઢવી



O બ્લેક મેટર



i-podમાં ગીગા બાઈટ
એમાં semantic 2.0
ભાષામાં એબ્સર્ડીટી છે
છોકરીમાં બળાત્કાર ઊગેલો છે
ભાષામાં ગલીઓ અને શેરીઓમાં ગલ્લી ભાષા
બ્લેક મેટર enter
press 'like' or search lost space
Black hole
whole matter
ભાષા ગીગા બાઈટ
- શબ્દ કે મૂળાક્ષરો બાઈટ - છે
અમેરિકા બ્લેક બોલી છે - બ્લેક મેટર dialect
અમેરિકન ભાષા nike on છે
કે નાઇકી બૂટમાં ખૂંપેલી - ખૂંચેલી in છે.
America is too black
લેન્ડ્સ્કેપ ગેથ્સેમની* છે
ભાષા કંપારી છે
બાઇટ્સમાં ભાષા ગોળાકાર પડી રહે
મેટરમાં બ્લેક છે
એમાં semantic 3.0
ક્લિક ટકોરો crack કરે
અવાજ કરપાઇ બહાર નીકળે
બાઇટમાં બંધ શબ્દમાં PhoNem(sis)
સાકાર પડેલો છે
બાઇટમાં કહું હું હજું jigaboo છું
શબ્દમારામાં દલિત
i-pod મને ઉઘાડે છે તમારી આંખમાં
હું સાંભળું તમે જુઓ ?



O હિમાન્શુ પટેલ

(આ કવિતા વિશે કવિની કેફિયત અને શબ્દ સંદર્ભ વાંચવા માટેની કડી - https://docs.google.com/open?id=0B04cOmWpIBB6bW1DSTBqdGV5YnM)

* શ્રદ્ધાંજલિ *



અશ્વિની ભટ્ટ
૧૨-૭-૧૯૩૬ ૧૦-૧૨-૨૦૧૨



પંડિત રવિશંકર
૦૭-૦૪-૧૯૨૦ ૧૧-૧૨-૨૦૧૨



ચંદુલાલ સેલારકા
૨૯-૧૨-૧૯૩૦ ૩૦-૧૧-૨૦૧૨

O પહોંચી જવાયું છે





નયન વાટે કોઇના મન સુધી પહોંચી જવાયું છે
નથી પાંખો છતાં ઉડ્ડયન સુધી પહોંચી જવાયું છે

મને તારા સુધી પણ પહોંચવામાં એક નડતર છે,
ઘણું ચાલ્યો છતાં ચીલમન સુધી પહોંચી જવાયું છે

ઘરેથી નીકળ્યો હું મિત્રને મળવાના હેતુ થી,
જુઓ કેવી રીતે દુશ્મન સુધી પહોંચી જવાયું છે

વહી આવીને અશ્રુ ગાલ પર રેલાય તે પહેલાં
ગનીમત છે કોઇ દામન સુધી પહોંચી જવાયું છે

મહેકતા બાગની જ્યારે કરી ઈચ્છા અમે ત્યારે,
અવેજીમાં સૂકેલાં વન સુધી પહોંચી જવાયું છે

ખરેખર ખૂબસુરતીનું મને   સરનામું મળ્યું છે,
કોઇ ચહેરા ઉપર ખંજન સુધી પહોંચી જવાયું છે.

રહી નિષ્ફળ જીવનભર મેં કરેલી બંદગી મિત્રો,
ન જાણે કોણ આ નિર્ધન સુધી પહોંચી જવાયું છે

O સુલતાન લોખંડવાલા



O ગઝલ



કોઇ ચાહે છે અહીં   માટે મળો,
બહાર નહીં તો , ખુદના ઘાટે મળો !

શક્ય ક્યાં છે મળવું પણ કોલાહલે ?
થૈ શકે તો આજ સન્નાટે મળો

આંખ મીંચું તો મળે કૈં સ્વપ્ન થૈ,
ને ખૂલે જો આંખ , મલકાટે મળો !

એક ક્ષણ, પણ મુક્ત મન લૈ આવજો,
આમ બસ કાયમ ના ઉચ્ચાટે મળો !

આજીવન છીએ મુસાફર તો ‘સુધીર’,
ઘર નહીં તો ના સહી , વાટે મળો !

O સુધીર પટેલ



* શ્રદ્ધાંજલિ *

મૌન બલોલી 'ખામોશ'

૨૨-૦૯-૧૯૩૯ ૨૫-૧૧-૨૦૧૨



જાય તો પણ ના કશું ઓછું થતું
ચાહવું એ તો અખેપાતર હતું

***

શ્હેરમાં ટેકાની લત સૌને હતી,
કોઈ પણ કેવી રીતે પગભર મળે !

***

ત્યાં પ્રાણવાયુ સરજે એવાં મકાન ક્યાં છે ?
ચારે તરફ ઊગેલો છાંયો છિનાળનો છે.
વચમાં ઊભી કરેલી દીવાલ ક્યાંથી ટકશે ?
કાયા ભલે બરફની પણ જીવ વરાળનો છે.

***

શી રીતે ખામોશની ઓળખ મળે ?
એકલું અંધારું એના પર હતું.

***

ખામોશની આંખોમાં જળવાયું છે જલદર્શન,
ભીતર લ્યો, મને ઊગ્યું કાયમનું પલળવાનું.

***

ના રાજ જોઈએ ન મારે તાજ જોઈએ,
માણસને શોભે એવો મિજાજ જોઈએ.

* શ્રદ્ધાંજલિ *

પ્રબોધ ર. જોશી

૦૭-૧૦-૧૯૫૩ ૧૮-૧૧-૨૦૧૨



તમારી વાતોમાં સતત છલકે આભ, ચમકે
દિશાઓ – આકાશી અદભુત ઝરે મૌન..તમને
ન કોઈ પાબંદી, સકળ જગમાં એકલ તમે
છતાં સૌના સાથી, સકળ જગનું સખ્ય તમ-થી

તમે સૂફી, કેવા ફકીર સરખા, વાદળ સમા
અહીં હો ને હો ત્યાં વરસી પડતા – શાન્ત જળમાં
તરંગોનાં મોજાં ઝિલમિલ થતાં, વાત કરતાં
કિતાબોનાં ખૂલે શતકમળશાં પૃષ્ઠ સઘળાં.

કશું એવું થ્યું કે ઝળહળ દિશાઓ સકળ આ.
નવું ખૂલ્યું આ કૈં નભ – સૂરજ ને ચન્દ્ર ચમકે
બધા એકીસાથે ટમટમ થતા તારક અને
વહે ધીરે ધીરે પવન પણ આ શાન્ત...

અમે છોડી આવ્યા નભસભરમાં – એકલ તમે ?
તમે જ્યાં છો ત્યાં તો–સકળ જગનું સખ્ય વિલસે.



શાકભાજીઃપ્રેમના ઉછાળાનું શરમાળ કાવ્ય.. (અનુ. - આસ્વાદ.)

શાકભાજી





મહેરબાની કરી તારી માને ના કહીશ
બાગકામ બગાડનાર હું હતી,
જેણે ગોલ્યા'તા એમના શાકભાજી.
મને વાડ દેખાઈ ન હતી.
આપણા ભૂગોળના વર્ગ પહેલા
પાછલી બારીએથી
મારે કરવી'તી તારી ઝાંખી

O અનુ. હિમાન્શુ પટેલ



Spinach and Peas

Please don't tell your mom
that I was the one who ruined
her garden,
who smashed her spinach and
peas.
I did not see the fences,
trying to catch a glimpse of you
through the rear window
before our geography class.

0Adnan Adam Onart

કવિતા અને કાવ્ય વસ્તુ, સર્જનશક્તિ કે શબ્દસ્ફોટ અને સાહિત્યના વિધાયકો સર્જક કરતાં ભોક્તાને વધારે ગૂંચવે છે. સ્ફોટ અને નિખાલસતા(સિમ્પ્લિસીટી) કવિતાના વિધાયકો છે.વિવેચન સર્જનને સંદિગ્ધ(ગૂંચવણ અને જટિલતા ભરેલું !)કરી મૂકે છે. આસ્વાદ અને વિવેચનાત્મક અભિગમ વચ્ચે કદાચ આ મતભેદ છે; તો પ્રશ્ન એ છે કે વિવેચનાત્મક અભિગમ કેવળ બૌધિકો-પ્રાધ્યાપકીય પ્રવૃત્તિ - માટે જ છે કે સુરતમાં આઠવાલેન પર રહેતા દાડિયા માટે પણ છે!? કવિતા અને કાવ્યાનંદ વિશ્વની અનેક ભાષાઓ અને સમાજ સમ ગુજરાતી ભાષા - સમાજમાં પણ તરછોડાયેલી પ્રવૃત્તિ થઈ ગઈ છે.૧૯૦૭ના ઇન્ટર્વ્યૂમાં હેલીના પેટ્રોસાન્યાક, યુકરેનીયનની કવયિત્રીએ કહ્યું હતું ૨% લોકો કવિતા વાંચે છે.(આ ઇન્ટર્વ્યૂ poetry international web પર વાંચી શકાશે.) કદાચ શિક્ષણ નોકરીવાદી થઈ ગયું અને સર્જકો ખાનગીવાદી- જેને સબકલ્ચર કહેવાયું છે.-થઈ ગયા એ પણ કવિતા પ્રત્યેની બેદરકારી માટે કારણભૂત છે.

કળાના આવા ટૂંકાયેલા કે સંકોચનમાં એકાદ વિલક્ષણ કે ઋજુ કાવ્ય હાથ લાગી જાય ત્યારે વલણે ૧૨મી સદીમાં કહ્યું છે તેમ ઉઘાડા નહી પણ ભીના પાલવ હેઠળ ઢંકાયેલા સ્તન વધારે અપેક્ષિત છે વા જાપનીઝ કવિ કહે છે તેમ સૂર્યના ચુંબનથી શરમાયેલા ગુલાબી તંદુરસ્ત સ્તન જેવું મેટાફર કે એઝરા પાઉન્ડ કહે તે ઇમેજ પ્રાપ્ત થાય છે. અદનાન ઑનાર્તનું વિશ્વકાવ્યમાંથી જડેલું આ કાવ્ય તે મેટાફર છે. જીવનના સામાન્ય પદાર્થ વિશે શરૂ થયેલી વાત કે એક નજરચૂક, ઉપર ટાંકેલા બે કાવ્ય જેવી, પ્રેમની નિખાલસ કે નિર્મળ કુમાશમાં પરિણમે છે.ઇશ્વરની ઝાંખી કરવા 'શબદ'માં કણસ્યા કરતા કવિઓ સમ અહીં પણ કબૂલાતથી કાવ્યની શરૂઆત થાય છે. કબૂલાતમાં અફસોસયુક્ત વેદના છે, એટલેતો-મહેરબાની- જેવો કાક્લૂદી ભર્યો શબ્દ અગ્રસ્થાને છે અને તરત-તારી- શબ્દથી સંબંધ નામનો સંદર્ભ પ્રસ્થાપિત થાય છે. પછીની બે પંક્તિમાં ગુનાવાળા ભાનની સભાનતા સંભળાય છે.પહેલી ત્રણેવ પંક્તિની ભાષા કેવળ પદાર્થ અને નામ જ નહીં પણ concept અને imageને પણ જોડી આપે છે, જે આપણી સંવેદના અને કાવ્યાસક્તિને ઢંઢોળે છે. ઇમેજ સંવેદનાયુક્ત વાહક છે, અને તેથીજ આ ભાષા વધારે abstract છે આ એ ભાષા છે જે પુદગલને દેખાડે છે, સંભળાવે છે. જે કાવ્યનું અને તે દ્વારા સર્જક્નું ભાષાકર્મ છે. પહેલી ત્રણ અને છેલ્લી ત્રણ પંક્તિ વચ્ચે જે વિધાન છે તે જેમ ગિયોમ અપોલિનેર (ફ્રેન્ચ સર્જક apollinaire) એની શાહીથી સંગીત રચે છે તેમ આ કવિ શબ્દોથી ગોપિત ઉત્કંઠામાં લપાઈ અરવ જતી છોકરીનું ગતિમય ચિત્ર રચી આપે છે.

એમાં બેદરકારી નહીં પણ પેલો ગોપીભાવ છે, સાનભાન ભૂલ્યાનો.અહીં ગોપી જેવું સમર્પણ નથી પણ પોતાની બહાર નીકળી ઇતરમાં ઓતપ્રોત થયેલ ગ્રંથિભાવ છે. ગોપી હોય કે આ કાવ્યમાંની છોકરી, જ્યાં પ્રેમ ઈપ્સા છે ત્યાં સદાકાળ અર્ધનારેશ્વર અનુભૂતિ રમમાણ છે.

છેલ્લી ત્રણ પંક્તિમાં પેલી ટીનએજર ચાલુ વર્ગમાં જેમ આંખને ઉલાળે મનગમતાને જોઇ લેવાં મથે છે તેમ એને સ્કૂલ જતાં પહેલાં પાછલી બારીમાંથી એક ઝાંખી કરી લેવી હતી, પ્રેમનો સાક્ષાત્કાર કદાચ સ્પર્શમાં જ નહીં સંતાઇને નિહાળી લેવામાં પણ છે તેથી આવી વૃત્તિ ક્રિડન થઈ જાય છે. અમેરિકનો કદાચ એને જ crush તરીકે ઓળખાવે છે, જે ખરેખરતો ગોપિત મોહ છે. અહીં પંચમ શુક્લની થોડી આથી અલ્લડ 'ટીનએજર' યાદ આવે છે 'મનની બધી મુરાદ હતી પહેલા પ્રેમની..' માણસ હોવાની મસ્તી એટલે જ યુવાની.

આ કાવ્યની ભૂગોળ એની સાદગીમાં છે.પ્રેમની,જાહેર નહીં પણ , ગોપિત themeને explore કરવામાં છે. ટૂંકી પંક્તિઓમાં ખૂબ સાદું કથન અને તે દ્વારા સંબંધોનો unwhispered સ્ફોટ કાવ્યની સમગ્રતાને સાંકળી રાખે છે. કવિતા કેવળ સંદિગ્ધતા નથી simplicity પણ છે. ભાષાની નિખાલસતા અને one with otherના ભાવનું કાવ્ય પ્રેમને, એના concrete અનુભવને, મનમાં રમતું મૂકી જાય છે. વિલિયમ વર્ડ્સવર્થે કહ્યું છે તેમ આ કાવ્યની ભાષા-language near to the language of man-રહી છે અને તેથી જ એ પ્રેમની આપ મેળે છતી થતી અભિવ્યક્તિ છે. શાકભાજી-પ્રેમના ઉછાળાનું શરમાળ કાવ્ય છે.

O હિમાન્શુ પટેલ

O વૃક્ષો...



વૃક્ષ જેવી
સુંદર કવિતા
ક્યારેય જોવા પામીશ ના હું
એમ લાગે મને.

વૃક્ષ,
જેનું ક્ષુધિત મુખ
મમતામયી ધરતી
વક્ષ સરસું રસપાન કરતું.

વૃક્ષ, જે
નિરંતર નિહાળે
'ને પ્રાર્થે ઈશને નિજ કરપર્ણ જોડી!
વૃક્ષ, જે સંભવતઃ
ગ્રીષ્મ તાપે
વિહંગ ઘર નિજ કેશરાશીમાં સમાવે.

વૃક્ષ, કે જેના
અંતરતમે વૃષ્ટિ સંગે હિમ પ્રસરે !

કવિતા કરતા મૂર્ખ
મુજ સમ
કિન્તુ
વૃક્ષ સર્જી શકે
કેવળ ઈશ્વર.

O જોયસ કિલ્મર અનુવાદ-હર્ષદ દવે

O TREES



I think that I shall never see
A poem lovely as a tree.
A tree whose hungry mouth is prest
Against the earth's sweet flowing
breast;
A tree that looks at God all day,
And lifts her leafy arms to pray;

A tree that may in Summer wear
A nest of robins in her hair;
Upon whose bosom snow has lain;
Who intimately lives with rain.

Poems are made by fools like me,
But only God can make a tree.

O Joyce Kilmer (1886-1918)



o કલાનાં વિવિધ પાસાંનું વિહંગાવલોકન

નિસર્ગ આહીર



કલા અનેકવિધ અંગો સાથે સંકળાયેલી છે. અહીં સૌંદર્ય, રસ, આનંદ, ભાવન, , કલાના પ્રકારો ઇત્યાદિની દૃષ્ટિએ ક્લાનાં વિવિધ પાસાં પર એક ઊડતી નજર નાખીને કલાતત્ત્વને સમજવાનો પ્રયાસ કર્યો છે.

'તૈત્તિરીય ઉપનિષદ્' કહે છે કે 'રસો વૈ સ:' અર્થાત્ તે પરમાત્મા રસસ્વરૂપ છે અને 'આનન્દો બ્રહ્મ' અર્થાત્ આનંદ જ બ્રહ્મ છે.સૌંદર્ય રસ અને આનંદના અંગરૂપ છે. સચ્ચિદાનંદમય નિયંતાનું સત્યમ્, શિવમ્ અને સુંદરમ્-નું રૂપ છે તેમાંથી સુંદરમ્ એટલે જ સૌંદર્યમય સૃષ્ટિ. જીવનના ચાર પુરુષાર્થોમાંથી કામપુરુષાર્થ સાથે સૌંદર્યમયતા પ્રગાઢ રીતે વણાયેલી છે.

માણસનો મૂળ સ્વભાવ આનંદનો છે. એ સર્વ સ્રોતમાંથી બાહ્યાભ્યંતર આનંદનું આકલન કરી જીવનને સુંદરતમ બનાવવા ઈચ્છે છે. ઈન્દ્રિયો દ્વારા પમાતા આનંદનું વૈવિધ્ય અપાર છે, જેમાંથી દૃશ્યાનુભવ એક અગત્યનો હિસ્સો છે. માણસની સૌંદર્યપિપાસા અને સૌંદર્યમાંથી પ્રગટતી આનંદપિપાસાએ અનેક દૃશ્યરૂપોનો આકાર લીધો છે. પ્રકૃતિ અને કલા આવા આનંદસ્રોતનાં મુખ્ય વાહકો છે. કલા એટલે જ માનવ દ્વારા નિર્મિત સૌંદર્યપ્રવૃત્તિ. જગતના અપરિમિત અનુભવો, લાગણીઓ, એષણાઓ, સંઘર્ષો, વેદનાઓ, કલ્પનાઓ, સત્યો, તથ્યો, દર્શનો ઈત્યાદિને કલાકાર અનેકવિધ રીતે કલાકૃતિમાં સૌંદર્યમય રૂપ આપે છે, જે ભાવક માટે રસાસ્વાદનો વિષય બને છે.

સૌંદર્યાનુભૂતિની એક કોટિ રસ છે, જે કલાકૃતિનો સાક્ષાત્ આસ્વાદ કહેવાય છે. ભરતને આસ્વાદત્મક્તા જ રસ નામના વિધાયક હેતુના રૂપમાં અભિપ્રેત છે. અભિનવગુપ્તના સાહિત્યિક ગુરુ ભટ્ટ તોત રસને પ્રીત્યાત્મક કહે છે ; આનંદવર્ધન રસને આહ્લાદાત્મક કહે છે અને અભિનવગુપ્ત એને સાક્ષાત્ આનંદ જ કહે છે.

કલાકૃતિ દ્વારા પ્રાપ્ત થતા રસાસ્વાદને 'બ્રહ્માનંદ સહોદર' કહેવામાં આવે છે. કલાની ભાવસૃષ્ટિ આપણા હૃદયને ત્યારે જ સ્પર્શે છે જયારે તેમાં અભિવ્યકત કરવામાં આવેલ રતિ વગેરે ભાવો આપણા ચિત્તની સમકક્ષ હોય. કૃતિમાં અભિવ્યકત થયેલ ભાવ કલાકારના હોય છે, પણ તે જયારે સહૃદયી ભાવકના મન સાથે મેળ સાધે છે તેને સંવાદ કહેવામાં આવે છે. આવો સંવાદ સાધવામાં સક્ષમ અભિવ્યકિતને જ રસાત્મક કહેવામાં આવે છે. જે વિષય સહૃદયના અંગપ્રત્યંગમાં એકદમ ભળી જાય તેને રસ કહેવામાં આવે છે. કલાત્મક અભિવ્યક્તિ ભિન્ન ભિન્ન ભાવો જન્માવે તે ચિત્તવૃત્તિરૂપ હોય છે. એ વૃત્તિમાં જે મુખ્ય હોય તે જ રસ કહેવાય છે.

જે રીતે કલાકારમાં સર્જન માટેની પ્રતિભાની જરૂર છે, તે જ રીતે ભાવક પાસે પણ સજ્જતાની અપેક્ષા રહે જ છે. રાજશેખર એને અનુક્રમે 'કારયિત્રી' અને 'ભાવયિત્રી' પ્રતિભા કહે છે. જો ભાવક કલાનાં અંગો, જીવનની વ્યાપકતા, અનુભૂતિની અસીમિતતાથી ઈત્યાદિથી અપરિચિત હોય તો તે કલાનુભવ વ્યાપક રીતે પામી શકતો નથી.

હવે સર્જનાત્મકતા વિશે વિચારીએ. સર્જન શરૂઆતમાં માત્ર ભગવાનના સંદર્ભે જ વપરાતો શબ્દ હતો, પરંતુ પાછળથી માણસના વિશિષ્ટ કર્મ માટે પણ તે વપરાતો થયો. માણસ પોતાની સ્વતંત્ર અને અલાયદી સૃષ્ટિનું નિર્માણ કરતો થયો અને સર્જકનું પદ પામતો થયો. સર્જકતા એટલે કશુંક નવું અને અપૂર્વ રચવું તે. એક અથવા અનેક વસ્તુના સંકલન કે સંયોજનમાંથી નૂતન વસ્તુ રચવી એટલે સર્જનાત્મકતા. દરેક નવી રચના લાગતી કે નવું સર્જન જણાતી ચીજવસ્તુ કે કલાકૃતિ એ વાસ્તવમાં પૂર્વની કેટલીય પ્રક્રિયા કે વસ્તુપદાર્થનું જ નવ્ય સંવર્ધિત રૂપ હોય છે. એ યાદ રહે કે કશું જ સંપૂર્ણ મૌલિક કે સાવ જ નવું સર્જન નથી હોતું. વસ્તુતઃ એ તો પરિવર્તિત, સંવર્ધિત, સંકલિત, મિશ્રિત કે સંયોજિત રૂપ હોય છે. માણસને તેની લાખો વર્ષોની સભ્યતા અને સંસ્કૃતિના ફળરૂપે ભાષા, વિચાર, કલ્પના, લાગણી, અભિવ્યકિત, સૌંદર્યનિર્મિતિ જેવા ગુણો સાંપડયા. આ સર્વનાં સુંદર રૂપો સર્જનના નામે ફલિત થયાં.

પરિવર્તન કે પ્રયોગ પણ સર્જનાત્મકતાની ભૂમિ બને છે. સતત કશુંક નવું, વધારે સુંદર કે ઉત્કૃષ્ટ રચવાની વૃત્તિમાંથી સર્જન પોષણ મેળવે છે. માણસ સતત સર્જનશીલ હોય છે, પરંતુ એની સર્જનાત્મકતાની સર્વોચ્ચ સિદ્ધિ તો છે કલા. કેમકે કલા માણસને આનંદ આપે છે અને આનંદ માણસનો મૂળભૂત સ્વભાવ છે. અનુભૂતિ કે લાગણીની તીવ્રતા માણસને અભિવ્યકિત માટે ઉશ્કેરે છે અને કલ્પના તથા અભિવ્યકિતનું કૌશલ્ય એને સર્જન માટે પ્રેરે છે. માણસે પ્રાપ્ય મર્યાદિત સામગ્રીનો ઉપયોગ કરીને કલામાં અમર્યાદ પરિણામો સિદ્ધ કર્યાં છે.

માણસ વધારે પડતો તો કલ્પનાની દુનિયામાં રહે છે. વાસ્તવની બરડતા એને નડે છે, પણ કલ્પના દ્વારા તે પોતાનું મનગમતું, અલાયદું, અનોખું, સંપૂર્ણ અને માત્ર આનંદમય જગત રચી શકે છે. આવો કલ્પનાવિહાર કલામાં શકય બને છે. જયાં તે પોતાને સર્જનહારની સમકક્ષ માની શકે છે.

માણસને સૌંદર્ય કાયમ આકર્ષે છે. સૌંદર્યતત્ત્વના મૂળભૂત અંગરૂપ પાંચ 'સ'ગણવામાં આવે છે : સમતુલા, સંવાદિતા, સાવયવતા, સપ્રમાણતા અને સુષ્ઠુતા. વ્યાપક રીતે સૌંદર્યનાં અંગો આ પ્રમાણે છે : સમ્માત્રા, સમતુલા, સંવાદિતા, સુસંગતતા, સમગ્રતા, લયબદ્ધતા, સપ્રમાણતા, વિરોધ, એકતા, સુવ્યવસ્થિત ક્રમ, નિશ્ચિત આકાર, ક્ષમતા, વિચિત્રતા, જટિલતા, વિશાલતા, સ્પષ્ટતા, આકાર સૂક્ષ્મતા, મસૃણતા, વર્ણદીપ્તિ, શુદ્ધતા અને સામંજસ્ય.

કલા માણસની સૌંદર્યપિપાસાની આગવી સિદ્ધિ છે. કલા અંગેની ગુજરાતી વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ પર એક નજર નાખીએ તો-

''કલા એટલે કલાવિધાયકના હૃદગત ભાવને અમુક બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય ઉપાદાનમાં વ્યકત કરવો તે - ભાવનું બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય પ્રગટ સ્વરૂપ. એ સ્વરૂપ એવું હોવું જોઈએ કે એ જ ભાવ તે જોનાર કે સાંભળનારમાં સંક્રાંત કરી શકે.'' - **રામનારાયણ પાઠક**

''કળા આનન્દ આપે છે, પણ એ આનન્દ અંગત રીતે અનુકૂળ સંવેદ્ય લાગણી નથી. આ આનન્દ તે કળાકૃતિના આકલનને નિમિત્તે આપણી ચેતના એકાગ્ર બનીને પોતાને સ્પષ્ટ રૂપે પ્રતીત કરી શકે છે તેનો આનન્દ છે, એ heightened awarenessના અનુભવનો, ચૈતન્યની સન્નદ્ધ (tautness) અવસ્થાના અનુભવનો આનન્દ છે.'' - **સુરેશ જોષી**

''કળા કશાની અવેજીમાં નથી, કશાનું પ્રતીક નથી, કોઈ એની બહારના રહસ્ય તરફ અંગુલિનિર્દેશ કરતી નથી. જીવનથી ભિન્ન એવો કોઈ અલૌકિક પ્રદેશ નથી. એ જીવનનો જ વિસ્તાર છે. એને ઈન્દ્રિયગોચર બનાવીને પ્રત્યક્ષતાથી સંવેદવાની છે. એમાંથી કશું કાઢવાનું નથી કે અહેવાલ આપવાનો નથી.'' - **સુરેશ જોષી**

''સંગીત આદિ કલાઓની આવી હૃદયવિસ્તાર કરનારી, સંસારની પારનો અનુભવ આપનારી, અને માણસને વ્યવહારની કુટિલતામાંથી મુક્ત રહી આનન્દ અનુભવવાનો માર્ગ બતાવનારી અસર હોત તો તેનો આશ્રય પ્રાચીન કાલથી જ આજપર્યન્તના વિચારવાન જનોએ કર્યો હોત નહિ.'' - **મણિલાલ દ્વિવેદી**

એ જ રીતે પશ્ચિમમાંની કલાવિચારણા અને કલાકારોની પોતીકી કલાવિભાવના પર પણ એક નજર નાખીએ તો કલા વિશેનો એક ભાતીગળ ચંદરવો નજરે પડે છે :

Plato holds in the Republic and elsewhere that the arts are representational, or mimetic, sometimes translated 'imitative'.

'The aim of art is to represent not the outward appearance of things, but their inward significance.' –**Aristotle**

Kant has a definition of art, he is for systematic reasons far less concerned with it than with aesthetic judgment. Kant defines art as 'a kind of representation that is purposive in itself and, though without an end, nevertheless promotes the cultivation of the mental powers for sociable communication.'

‘The progress of an artist is a continual self-sacrifice, a continual extinction of personality.’-**T.S. Eliot**

‘Painting is poetry that is seen rather than felt, and poetry is painting that is felt rather than seen.’ -**Leonardo da Vinci**
‘A man paints with his brains and not with his hands.’ – **Michelangelo**

‘Painting is the grandchild of nature. It is related to God.’ –**Rembrandt**

‘It is not the language of painters but the language of nature which one should listen to, the feeling for the things themselves, for reality, is more important than the feeling for pictures.’ - **Vincent Van Gogh**

‘Have no fear of perfection, you'll never reach it.’ -**Salvador Dali**

‘Those who do not want to imitate anything, produce nothing.’ -**Salvador Dali**

‘Art is not what you see, but what you make others see.’ -**Edgar Degas**

‘There is no must in art because art is free.’ -**Wassily Kandinsky**

‘No longer shall I paint interiors with men reading and women knitting. I will paint living people who breathe and feel and suffer and love.’ -**Edvard Munch**

‘Painting is just another way of keeping a diary.’ -**Pablo Picasso**

‘Every child is an artist. The problem is how to remain an artist once we grow up.’ -**Pablo Picasso**

‘We all know that Art is not truth. Art is a lie that makes us realize truth, at least the truth that is given us to understand. The artist must know the manner whereby to convince others of the truthfulness of his lies.’ -**Pablo Picasso**
‘As far as I am concerned, a painting speaks for itself. What is the use of giving explanations, when all is said and done? A painter has only one language.’ -**Pablo Picasso**

‘The world today doesn't make sense, so why should I paint pictures that do?’ -**Pablo Picasso**

‘There are painters who transform the sun into a yellow spot, but there are others who, thanks to their art and intelligence, transform a yellow spot into the sun.’ -**Pablo Picasso**

‘I don't paint things. I only paint the difference between things.’ -**Henri Matisse**

‘Painting is easy when you don't know how, but very difficult when you do.’ -**Edgar Degas**

‘It is a mistake for a sculptor or a painter to speak or write very often about his job. It releases tension needed

for his work.' - **Henry Moore**

'Great art picks up where nature ends.' -**Marc Chagall**

કલાને અનેક રીતે વર્ગીકૃત કરી શકાય. જેમકે-

લલિતકલા-લલિતેતરકલા

દૃશ્યકલા-શ્રાવ્યકલા

સ્થળપરક કલા-સમયપરક કલા

ચલ કલા-અચલ કલા

ચારુકલા-કારુકલા

હેગલ અનુસાર ઉપાદાનને આધારે ક્લા પ્રકારો અને કલાના ક્રમ આ પ્રમાણે છે : સાહિત્ય, સંગીત-નૃત્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય. ઉપાદાન એટલે કલાનિર્મિતિના મૂળ અંગરૂપ સામગ્રી. માધ્યમ, કાચી સામગ્રી, સાધન. કોઈ પણ કલાનું સાધ્ય મહત્ત્વનું હોય છે, સાધન ગૌણ હોય છે. સામગ્રીનું સુસંયોજિત રૂપ જ કલાનિર્મિતિનું અગત્યનું ઘટક છે. ઉપરોક્ત પાંચેય લલિતકલાનાં ઉપાદાન નીચે પ્રમાણે છે : સ્થાપત્યનાં ઉપાદાન : પથ્થર, ઈંટ, ચૂનો, સિમેન્ટ, ધાતુ, કાષ્ઠ, કાચ

શિલ્પનાં ઉપાદાન : ધાતુ, પથ્થર, કાષ્ઠ, ફાઈબર ગ્લાસ, ગ્લાસ, હથોડી, ટાંકણું

ચિત્રનાં ઉપાદાન : કૅન્વાસ, પેપર, રંગ, પીંછી

સંગીતનાં ઉપાદાન : નાદ, સ્વર, તાલ

સાહિત્યનાં ઉપાદાન : શબ્દ, અર્થ

કોઈ પણ કલાકૃતિનાં મુખ્ય અંગો ચાર છે : આકાર, માધ્યમ, રચનારીતિ અને અભિવ્યક્તિ. કોઈ પણ દૃશ્યકલામાં મુખ્ય અંગો આટલાં છે : રૂપ, રેખા, રંગ, પદાર્થ, ઘનતા, છાયાપ્રકાશ, અવકાશ. દૃશ્યકલામાંથી ચિત્રકલા લંબાઈ અને પહોળાઈ એ બે પરિમાણોયુક્ત છે, જયારે શિલ્પ અને સ્થાપત્ય લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ એ ત્રણ પરિમાણોયુકત હોય છે. ચિત્ર માત્ર સામેથી જોઈ શકાય, શિલ્પની આસપાસ ફરી શકાય અને સ્થાપત્યમાં તો અંદર પ્રવેશ પણ કરી શકાય છે.

હવે ભારતીય કલાવિભાવના પર દૃષ્ટિપાત કરીએ. ભારતીય કલામાં રસ અને ભાવનું આલેખન મહત્ત્વનું ગણાયું છે. એટલે જ આદર્શ પ્રતિમામાં અંગવિન્યાસની સાથે રસ અને ભાવને દર્શાવવા જરૂરી મનાયા છે. 'દેવતામૂર્તિપ્રકરણ'માં કહેવાયું છે કે નિર્વિકારી મન ઉપર ભાવની છાયા જ પ્રથમ પડે છે.

'બૃહત્સંહિતા'માં કહેવાયું છે કે મેરુ, મંદર, કૈલાસ, વિમાનચ્છંદ, નંદન, સમુદ્ર, પદ્મ, ગરુડ, નંદિવર્ધન, કુંજર, ગુહરાજ, વૃષ, હંસ, સર્વતોભદ્ર, ઘટ, સિંહ, વૃત્ત, ચતુષ્કોણ, ષોડશાશ્રિ અને અષ્ટાશ્રિ એ વીસ દેવપ્રાસાદોનાં નામ મેં (વરાહમિહિરે) કહ્યાં છે.

'શુક્રનીતિ'માં એમ કહ્યું છે કે શાસ્ત્રો દ્વારા કહેવાયેલ નિયમ અનુસારની પ્રતિમા જો સર્વાંગસંપૂર્ણ હોય તો પુણ્ય આપે છે અને મનોહારિણી બને છે, પરંતુ જો પ્રતિમા શાસ્ત્રોક્ત ન હોય તો નિત્ય દુઃખદાયક બને છે.

'કામસૂત્ર' ના પ્રથમ અધિકરણના ત્રીજા અધ્યાયમાં વાત્સ્યાયન ચોસઠ કલાઓની યાદી આપે છે તેની ટીપ્પણી કરતાં 'જયમંગલા' ટીકામાં યશોધર ચિત્રકલાનાં છ અંગો જણાવે છે કે રૂપભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્યયોજના, સાદૃશ્ય અને રંગયોજના એ ચિત્રકલાનાં છ અંગો છે. 'વિષ્ણુધર્મોત્તરપુરાણ'ના ત્રીજા ખંડના એકતાલીસમા અધ્યાયના શ્લોક નવ અને દસમાં ચિત્રકલાનાં આઠ અંગો આ પ્રમાણે દર્શાવવામાં આવ્યાં છે : સ્થાન, પ્રમાણ, ભૂલંબ કે આધાર, માધુર્ય, વિભક્તતા, સાદૃશ્ય, ક્ષય અને વૃદ્ધિ એટલા ચિત્રના ગુણ કહ્યા છે. રેખા, વર્તના, આભૂષણ અને રંગ એટલી વસ્તુઓ ચિત્રને શોભાવનારી છે.

આ રીતે, કલા વિશે વ્યાપક વિચારણા થઈ છે. કલાનિર્મિતિનાં કેટલાંક અંગો પર પ્રકાશ પાડવાનો અત્રે નમ્ર પ્રયાસ છે.



ડો.પ્રતિભા રાયને જ્ઞાનપીઠ સન્માન

ઉડિયા ભાષાલેખિકા અને સાહિત્યકાર ડો. પ્રતિભા રાયને વર્ષ ૨૦૧૧નો જ્ઞાનપીઠ પુરસ્કાર આપવાનો નિર્ણય લેવાયો છે.

૨૧મી જાન્યુઆરી, ૧૯૪૩માં ઉડિસામાં જન્મેલા ડો. પ્રતિભા રાયના ૨૦ નવલકથા, ૨૪ લઘુકથા સંગ્રહ, ૧૦ યાત્રા વૃતાંત, બે કવિતા સંગ્રહ અને કેટલાય નિબંધો પ્રકાશિત થયા છે

o અરથ અંતરી........

ફારૂક શાહ



આજની કવિતાનું એક લક્ષણ એ તરીને આવે કે તે પોતાની આસપાસના અસ્તિત્વ સંદર્ભોને તપાસવાની તજવીજ કરે છે. અનન્ય નિસબત સાથે. અસ્તિત્વના સંદર્ભોને એ શોધે છે. તેમાંથી તે ઈતિહાસબોધને પામવાનું કરે છે. એ ઈતિહાસ એવો હોય છે કે જે કહેવાતા માન્ય ઈતિહાસના ભ્રાન્ત બનાવતા હો ગોકીરા તળે દબાઈને ઉપેક્ષિત દશામાં જ રહેતો આવ્યો હોય છે. આજની કવિતા એ ઈતિહાસબોધનો પુનર્પાઠ રચે છે. પછી તેનું સંશોધન કરે છે. તેની અંદર રહેલા ભ્રાન્ત બનાવનારી વસ્તુને લઈ પ્રતિતર્ક અને પ્રતિવાદ ઊભો કરી વર્ચસ્વ અને સત્તાની શક્તિઓએ અસ્તિત્વનાં જે સ્થાનોને ઉવેખ્યા હોય તેવાં સ્થાનોને સ્પષ્ટ કરી તેને જીવનના ક્ષેત્રમાં સ્થાપવાનું કરે છે. આ પ્રકારનાં આવિષ્કરણોની પ્રક્રિયાઓ જ માનવ હોવા બાબતે અર્થપૂર્ણ અસ્મિતાની ઉદગાતા બને છે. એટલે જ કળાનું ક્ષેત્ર મૂળની શોધ કરનારા સમય તરીકે આજના સમયને ઓળખાવતું હશે. આજનો સર્જક, આજની રચના શૈક્ષણિક અને દાર્શનિક રીતે જે ઐતિહાસિક પ્રક્ષેપણોનું વિવેકહીન ચિત્ર આપણી સામે આવે છે તેને તાકે છે. આપણે જે જ્ઞાનની પાસે સુખની અને મુક્તિની આશા રાખીને બેઠા છીએ. એવાં જ્ઞાનોની, વિદ્યાઓની શોષક માનસિકતા ધરાવતા સત્તા ક્ષેત્રો સાથેની મિલીભગતને કારણે એક સાર્વત્રિક મૂંઝવણ તેમ જ નિરાશાભરી પરિસ્થિતિ ઊભી થાય છે. મૂળ તપાસનારું રચનાકર્મ એવી પરિસ્થિતિઓની ઊલટ તપાસ કરી આપણી અંદર જ જે વિવેક, બુદ્ધિ તથા પુરુષાર્થનું સામર્થ્ય રહેલું છે તેને જગવવાનું કરે છે. આમ કળાત્મક આનંદની ઉપલબ્ધિ સાથે, એરિસ્ટોટલના પેલા કેથાર્સિસના સિદ્ધાંતની સાથે માનવજાતના વિવેક અને સામર્થ્યને ઢંઢોળતા એક પ્રયોગાત્મક કેળવણીના પ્રવાહ તરીકેનું સ્વરૂપ કળાકૃતિ ધારણ કરી રહી હોય તેવું લાગે. આ રીતના રચનાકર્મને માત્ર ભાષાલક્ષી પાસાંઓથી કે સ્વરૂપલક્ષી તત્ત્વવિચારણાથી પામવા જઈએ તો ઘણી બધી રીતે તે અણઉકલ્યું રહી જાય. કેમ કે સર્જકના પક્ષેથી તે પ્રયોગાત્મક કેળવણીની વસ્તુ હોવાને કારણે તેનું વજૂદ જીવનના લગભગ તમામ ક્ષેત્રો સાથે સંવાદ સાધતું હોવાનું. એટલે આજુબાજુના એ બધા સાહચર્યોમાં જવાથી એની અંદર જે વિવેક જાગૃતિની પદ્ધતિ મૂકવામાં આવી હોય છે તેને આત્મસાત કરી શકાતી હોય છે.

આમ વિવેક માટેની પદ્ધતિને લઈ મુખ્ય રીતે જે તત્ત્વ ખેડાય છે તે ઈતિહાસબોધનું છે. ભ્રાન્ત બનાવતા પ્રચલિત પ્રક્ષેપિત ઈતિહાસબોધના વિરોધે આ તત્ત્વની શોધ અનુભવની બુનિયાદ પર ચલાવીને તેને અંકે કરવામાં આવે છે. અંકે કરીને તેના શોધન-સંશોધન દરમ્યાન તેને રૂપબદ્ધ કરવામાં આવે છે. આ રૂપબદ્ધ રચના દરમ્યાન તેમાં રહેલી અસ્તિત્વ વિરોધી સામગ્રીનું ખંડન કરવામાં આવે છે અને સમાંતરે નવ્ય ઈતિહાસના અર્થોનું ઘડતર થાય છે. ઈતિહાસને લઈ આ પ્રકારની એક પ્રવૃત્તિ સાહિત્ય-સર્જનના પ્રદેશમાં જગતની લગભગ બધી ભાષાઓમાં જોવા મળી શકે. અહીં અત્યારે આવી કેટલાંક લક્ષણો દર્શાવતી મનોહર મૌલિ બિસ્વાસની બંગાળી કવિતા જોઈએ. તેમાં સૂર્યના કિરણને લઈ હાંસિયે ધકેલાઈને સ્થિર થઈ ગયેલા સમુદાયની બાબતની તપાસ થઈ છે. અને સમગ્ર રચનાના વ્યંજનાર્થમાં વિવેકયુક્ત પરિવર્તનનો પ્રતિરોધી સંકેત પણ નિર્મિત કરવામાં આવ્યો છે.

oસૂર્યરશ્મિ (બંગાળી કવિતા)

મનોહર મૌલિ બિસ્વાસ

અમારા ઘરની ઊગમણી બારી
ખુલ્લી છે
હે સૂર્યરશ્મિ,
કહે તું ક્યારે આવીશ ?

આ મહાન સદીની વહેલી સવારે
તું ખરેખર આવવા માગે છે ?
ખાત્રીપૂર્વક ?
શિયાળુ પોષની મીઠાઈ ખાઈને ?
ખરી પડેલાં પાંદડાંઓમાં અગ્નિ પેટાવવા ?

આંગણાં તળે-ઉપર કરી નાખે
એવો ધ્વંશ રચવા ?

હે મા,
મને ખબર નથી તું ક્યારે આવીશ
અમારાં અંધારિયાં ઘરોમાં ?

આ અંધારિયાં ઘરોમાં કેમ તરવું ?
એ અમે જાણીએ છીએ
ખેતરને કેમ ખેડવું અને વાવવું
એ પણ અમે જાણીએ છીએ
આ બધાંની વચ્ચે
કઈ રીતે અસ્તિત્વ ટકાવવું ?
એને ય અમે બરાબર જાણીએ છીએ
પ્રાચીન અંધારિયાં ઘરોમાં
પરસેવાની ગંધને સૂંઘતા !

જો, ઘરની ઊગમણી બારી
ખુલ્લી છે
સૂર્યરશ્મિ,
મને કહે તું ક્યારે આવીશ ?
(* આનંદ લાલના ઈંગ્લિશ અનુવાદના આધારે)



o આ અંકના ફોટોકલાકાર

દક્ષિણ પોલેન્ડ ના ટાર્નોવ (Tarnow)ના વતની એવા ૪૨ વર્ષીય **માર્સિન સાશા (Marcin Sacha)** લૅન્ડસ્કેપ ફોટોગ્રાફી કરતાં કરતાં હાલ ફોટોગ્રાફી અને ગ્રાફિકસની સંયુક્ત સીમાઓને સ્પર્શતા સર્જનોમાં વધુ કામ કરતા થયા છે. તેમનાં કૂલ ચાર વ્યક્તિગત પ્રદર્શનો અને ચાલીસ સંયુક્ત કલાપ્રદર્શનો પોલેન્ડ અને વિદેશોમાં યોજાઈ ચૂક્યાં છે.તેમને The International Federation of Photographic Artનું કલાસન્માન પ્રાપ્ત છે.માટીકલાના કૌટુંબિક પરિવેશ ધરાવતા આ કલાકાર માટી, પથ્થર ઈંટ , કાગળ વગેરે દ્વારા ભૌમિતિક આકારોનું સર્જન કરી,પ્રકાશ અને પડછાયાની વિધવિધ છટાઓ પાથરી અભિવ્યક્તિના નવા આયામ(Photo Montage) પ્રગટ કરી આપે છે. તેમની કેફિયત :
" આ દુનિયામાં માણસ સંબંધો અને ઉપકારોના જાળાંમાં ખૂંપેલો છે અને સમાધાન એ સામાજિક સંબંધોનો જરૂરી હિસ્સો છે. ફોટોગ્રાફી એ મારા માટે હકીકતથી ભાગીછૂટવાનો અને સાચુ સ્વાતંત્ર્ય પામવાનો માર્ગ છે. તેના દ્વારા હું મારું અલાયદું/નિજી જગત બતાવું છું. એવું જગત જે રહસ્યમય છે, વિચિત્ર છે, પરલૌકિક છે. તે પૂરું સમજાયેલું નથી પણ સુંદર છે." તેઓ કહે છે : દુનિયાને થોડું અંતર રાખીને, કોઈ પરગ્રહવાસીની માફક, વસ્તુના અર્થો, સંબંધો અને ઉપયોગિતાથી અલિપ્ત થઈને જુઓ તો તમને સાવ સામાન્ય વસ્તુઓ પણ જાદુઈ લાગશે.
રશિયન પત્રમાં છપાયેલ તેમનો એક ઈન્ટર્વ્યૂ (અંગ્રેજીમાં) સહુ કલાપ્રેમી વાચકોએ માણવા જેવો છે.તેની કડી અહીં આપી છે.https://docs.google.com/open?id=0B04cOmWpIBB6V0ZDdHRXYXBRSmM **(A Must Read)**

0પુસ્તક પરિચય

જિતુ પુરોહિત



0 સ્વૈર ઉડ્ડયન 'પવનની પંક્તિઓ વચ્ચે'......

'પવનની પંક્તિઓ વચ્ચે ' કવિ શૈલેન રાવલનો પ્રથમ ગઝલસંગ્રહ છે. જે તેમણે પોતાના પરિવારજનોને અર્પણ કર્યો છે.આ કવિએ ઘણાં વર્ષો પહેલાં 'પ્રખર'માં પ્રગટ થયેલી મારી એક લઘુકથા વાચી મને નવાજતો એક પત્ર લખેલો જે આજે પણ મારી પાસે છે.પુસ્તકના આરંભમાં કવિ કરસનદાસ લુહારે આ સંગ્રહની સુંદર અને મર્મસ્પર્શી પ્રસ્તાવના લખી છે. અને એ પ્રસ્તવનામાં તેમણે કવિના કવિકર્મને સારી રીતે મૂલવ્યું છે. તેઓ લખે છે - આ કવિ (શૈલેન રાવલ) પાસે સરલ, સહજ અને આગવી અભિવ્યક્તિ છે ટહુકતી ભિનાશ જેવી. અનાયાસ સરી પડતા જણાય છે ગઝલોદ્ગાર ! કવિ જાણે કે કવિતા માટે જ કહેતા જણાય છે-

વ્યર્થ ના શબ્દોની મનમાની સમજ,
છે મરમગહરા જરા જ્ઞાની સમજ.

તો કવિ દિનેશ કાનાણીએ પ્રથમ વખત પદ્યમાં પ્રસ્તાવના લખી કવિને બિરદાવ્યા છે. તેઓ લખે છે - 'શૈલેન રાવલ વખાણ નહિ પણ વિશ્વાસના કવિ, પ્રતીતિ અને પડકારને ઝીલનારા કવિ. રદ્દીફ કાફિયા અને છંદને મહેંકાવતા કવિ, ખુદવફાઇ અને ધૈર્યના કવિ.'


પ્રદીપ રાવલ ' સુમિરન ' લખે છે- ' આમ હળવા ફૂલ છતાં સહજતાથી હૃદયે સચવાઇ રહે એવા અનેક શે 'ર આ શાયરની મિરાત છે. આવું ત્યારે જ શક્ય બને જ્યારે કવિ પોતાની કવિતાને જ બોલવા દે છે.'

પોતાની કેફિયતમાં કવિએ અનેક પુરોગામી ગઝલકારોને યાદ કર્યા છે. કવિ કરસનદાસ લુહારને પોતાના કાવ્યગુરુ કહ્યા છે. કવિ લખે છે- 'જીવનને સૂક્ષ્મતાથી નિરખવાની આદતે ઘણું બધું શીખવ્યું છે. સમાધાનકારી વલણે ઘવાયેલી લાગણીઓને પંપાળી લીધી છે. તો માનવીય સંબંધોની મહત્ત્વપૂર્ણતાએ જીવનમાં નૂતન પરિમાણો બક્ષ્યાં છે. જાત પ્રત્યેની વફાદારીને મક્કમતાથી સાચવતાં સતત ને સતત શબ્દની શોધમાં રત રહ્યો છું.'

અને આ કવિની શબ્દશોધ અવિરત ચાલતી રહી છે. તેમની ગઝલોએ ઉત્કૃષ્ટતા, પાકટતા, પરિપક્વતા મેળવી છે. તેમની ગઝલબાની સંતવાણી બની છે , તેમની શબ્દયાત્રા આધ્યાત્મયાત્રા બની છે. છંદોનું વૈવિધ્ય, રદ્દીફ-કાફિયાનું સુંદર પ્રયોજન, વિવિધ કલ્પનોથી તેમની ગઝલો સમૃદ્ધ બની છે. આવો સુંદર ગઝલસંગ્રહ આપવા બદલ કવિને ખૂબ ખૂબ ધન્યવાદ! એમના તરફથી ગુજરાતી ભાષાને હજી પણ ઉત્તમ ગઝલફાલ સાંપડતો રહે તેવી શુભકામનાઓ સાથે આવો માણીએ તેમના કેટલાક ઉત્તમ શે'ર-

આપો ગમે તે નામ ફરક કંઇ પણ નથી.
પીડાને પામવાના તો રસ્તા સમાન હો.

એ ખરા અર્થમાં હોય માણસ.
જે ફરે વિસ્મયો ઊંચકીને.



કૈં જ કહેવાનું નહીં ફાવે મને માણસ વિષે,
હોય કહેવાનું કહું ચિત્કારતા સારસ વિષે.

અઢળક રંગેય હર્ષથી વંચિત રહ્યા તમે,
ઉત્સવ કરી લીધો અમે ચપટી ગુલાલથી.

વૃક્ષ ઉત્સવમય બની જાતું સમૂલું,
પાંખ પંખીની ફરકતી હોય ત્યારે.

ખીણમાં પલટાયો એ હાથે કરીને,
ખુદની ખળખળતી નદી અળગી કરીને.

'પવનની પંક્તિઓ વચ્ચે' :ગઝલસંગ્રહ - કવિ-શૈલેન રાવલ : **પ્રકાશક-પ્રવીણ પ્રકાશન , લાભ ચેમ્બર્સ , મ્યુ.કોર્પો.સામે , ઢેબર રોડ , રાજકોટ. પાનાં-૧૨૮ , કિંમત - રૂપિયા ૧૨૫.00 .**

o સાભાર સ્વીકાર

0 **કવિનો સત્સંગ** (સુરેશ દલાલ : જીવન, કવન, અંજલિ): સંકલન- ઉત્પલ ભાયાણી, હિતેન આનંદપરા, અપૂર્વ આશર. પ્રકાશક - ઇમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. અમદાવાદ. સંપર્ક : ૦૭૯ ૨૬૫૬ ૦૫૦૪

0 **મસ્તીની પાઠશાળા** (બાળગીતો) : સંપાદક- સંજય પંડ્યા, પ્રતિમા પંડ્યા. પ્રકાશક - એન.એમ.ઠક્કરની કંપની, 140 પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. સંપર્ક : ૨૨૦૧ ૦૬૩૩ કિંમત રૂપિયા ૧૭૫.૦૦

o કેકારવ

કવિ પ્રબોધ જોશીનાં કાવ્યોમાં રહેલ વિષયનું નાવિન્ય અને અભિવ્યક્તિની સચ્ચાઈસભર સરળતા કવિના કાવ્યપઠનમાં વધુ નિખાર પામે છે. આવો તેમનાં કેટલાક કાવ્યોને માણીએ :

૧)એક હતા બા (વિડીયો લિંક)
http://www.youtube.com/watch?v=uleYE_ffw0k

૨)સત્ય (વિડીયો લિંક)
http://www.youtube.com/watch?v=WRn m-OafTWo



૩)ઓફીસ (વિડીયો લિંક)
http://www.youtube.com/watch?NR=1&v=TrL3nB7wL1g&feature=endscreen

૪)કેમેરા (વિડીયો લિંક)
http://www.youtube.com/watch?feature=endscreen&v=7eYoOE6Pz9k&NR=1

– સાહિત્યવૃત્ત –

O શ્રી સાંઈલીલા વેલ્ફેર ટ્રસ્ટના ઉપક્રમે યોજાતી ‘ઝરૂખો’ નામે સાહિત્યિક સાંજ અંતર્ગત તા.૦૪/૧૧/૨૦૧૨ના રોજ બોરીવલી,મુંબઈ ખાતે કવિ કલાપી વિષે તેમના જીવન-કવનના અભ્યાસી તથા નાટ્યલેખક ડૉ.ધનવંત શાહે વિશદ વક્તવ્ય આપ્યું. સંજય પંડ્યાએ ભૂમિકા બાંધી અને નવલકથાકાર દિનકર જોષીએ કેટલાક પ્રશ્નો દ્વારા કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો.કાર્યક્રમની શરૂઆતમાં રાજેશ પટેલ દ્વારા નિર્મિત કલાપીનાં જીવન તથા કવન વિષે એક ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી.

O ભવન્સ કલ્ચરલ સેન્ટર-અંધેરી ખાતે ‘કાવ્યસંપદા’ અંતર્ગત તા.૦૪/૧૧/૨૦૧૨ના રોજ સંજય પંડ્યા તથા પ્રતિમા પંડ્યા સંપાદિત બાળગીતોના સંગ્રહ ‘ મસ્તીની પાઠશાળા ’ (૧૦૦ કવિઓ અને ૧૬૫ રચનાઓનું માતબર સંપાદન)નું વિમોચન વનલતાબહેન મહેતાના હસ્તે સંપન્ન થયું. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકો દ્વારા બાળગીતોની રસભરી રજૂઆત થઈ. કવિ રાજેન બ્રહ્મભટ્ટનું સુંદર સંચાલન અને સાહિત્યકારો – કલાકારોની બહોળી ઉપસ્થિતિ.

O મેઘાણી સાહિત્ય વર્તુળ-બગસરા દ્વારા તા.૧૯/૧૧/૨૦૧૨ના રોજ કવિ યોગેશ વૈદ્યનું કાવ્યપઠન યોજાયું.સંસ્થા દ્વારા કવિનું શાલ ઓઢાડી સન્માન કરાયું.

O રામપ્રસાદ બક્ષી દ્વારા સ્થાપિત ’ સાહિત્ય સંસદ’ દ્વારા સાંતાક્રુઝ(મુંબઈ) ખાતે તા.૨૦/૧૨/૨૦૧૨ના રોજ કવિ યોગેશ વૈદ્યનું કાવ્યપઠન યોજાયું.

O જે.જે.સાહિત્ય ઉપાસના-જામનગર દ્વારા તૃતીય વર્ષની ગઝલ સ્પર્ધા યોજવામાં આવી. નિર્ણાયકો-ડૉ.મનોજ જોષી’મન’ અને ડૉ.અશોક ચાવડા’બેદિલ’ .આયોજન ડૉ.કેતન કારિયાનું. વિજેતા કવિઓ - ૧ વિરેન પંડ્યા, ૨ ‘વિવશ' પરમાર, ૩ અભિજિત પંડ્યા (૪ કૌશલ સુથાર, ૫ સુનિતા દીક્ષિત).

O 'શાંતેન્દુ' પરિવાર જામનગર દ્વારા ' મળે તો કોઇ મૂકે ?' નામક હાસ્ય કવિતાઓનો કાર્યક્રમ તા.૧૦/૧૨/૨૦૧૨ ના રોજ યોજાઇ ગયો. કવિઓ કૃષ્ણ દવે, સતીશ વ્યાસ, અશોક ચાવડા તથા વંદનાબેન. ડૉ.કેતન કારિયાનું સંચાલન અને સમર્થ ભટ્ટ દ્વારા આભારવિધિ. **(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા ‘નિસ્યન્દન’ ઉત્સુક છે.)**

o આપના પ્રતિસાદ......

૧) સુંદર ને સભર અંક મળ્યો છે. બાહ્યાભ્યંતર મનને ભરી દેનારો અંક. સુંદર ચિત્રો, ઊંચી પસંદગીનાં કાવ્યો ને કેટલાક લેખોએ સામયિકને સજાવ્યું છે. નેટ ઉપર હવે ઢગલાબંધ લખાતું થયું છે ત્યારે ઇ–બૂકના સાવ સરળ ને હાથવગા અભિવ્યક્તિ–સાધનને કેટલાક લોકો દ્વારા અનેક ભાષાભૂલો સાથે પ્રકાશિત કરાઈ રહ્યાં છે ત્યારે આવું મજાનું કાર્ય – 'નિસ્યંદન' – સૌને હૈયે વસશે જ એમાં શંકા નથી....તમારી ટીમને અને તમને અભિનંદન સાથે વંદન. – **જુગલકિશોર વ્યાસ**

૨) બહુ જ સુંદર ..આવતો જમાનો ઇબૂક નો જ છે...એમાં આપનો આ પ્રયાસ ખરેખર સરાહનીય છે .ઉત્તમ ચિત્રો અને કલાકૃ તિઓથી શોભતું આ મેગેઝીન અવશ્ય ઘણી પ્રગતિ સાધશે એમાં શંકાને કોઇ જ સ્થાન નથી... **સ્નેહા પટેલ**

3) Thank you for mailing me the e-journal. Please accept my heartiest congratulations for a competent technical work. I am amazed that young friends at Veraval are so much ahead in time! I think e-books are the future and are here to stay. I can imagine you all must have put in real hard work....Anyways, but what you have achieved is commandable.

I think you can encourage the leading poets to contribute so that the quality can match the technical achievement. Please pardon my writing in English as hotmail does not allow to write in Gujarati. **Kamal Vora**

૪) લંડનથી ભાઈશ્રી વિપુલ કલ્યાણી 'ઓપિનિયન' ઇ–મેઇલ છાપું નિયમિત પ્રગટ કરે છે;તેમને મેં જણાવ્યું હતું કે આ રીતે તમે પર્યાવરણની રક્ષા કરી રહ્યા છો.મેગેઝિન્સ ઘરમાં આવ્યા પછી એ પસ્તીવાળાના હાથમાં જ જતાં હોય છે.તમારું 'નિસ્યંદન' સરસ રજૂઆતથી શણગારાયેલું ગમ્યું છે... **રમેશ બાપાલાલ શાહ**

૫) નિસ્યંદનની ત્રીજી ઈનિંગ માટે અઢળક શુભેચ્છાઓ ...સરસ અંક તૈયાર થયો છે. રચનાઓ પણ સારી છે.ગુજરાતી બચાવો-ની બૂમ સંભળાતી હોય એની વચ્ચે નિસ્યંદનનું પ્રગટીકરણ કાળમીંઢ પથ્થરમાંથી ફૂટી નીકળેલા ઝરણ સમું લાગે છે. આપના પ્રયાસને બધી રીતે સફળતા સાંપડો અંતરની શુભકામનાઓ. – **દક્ષેશ કોન્ટ્રાક્ટર**

૬) ગુજરાત, ગુજરાતી ભાષા અને ગુજરાતી લોકોને સમર્પિત એવા આપના આ સાહસ બદલ આપ સૌને અભિનંદન પાઠવું છું. આપનું ઈ-મેગેઝિન ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે તેવી દિલી ભાવના પેશ કરું છું. દુઆગીર, **વલીભાઈ મુસા**

૭) યોગેશભાઈ, આપનો અંક મળ્યો.આદિલ મનસૂરી ના ગઝલગુર્જરીની યાદ આવી .ગુજરાતી સાહિત્ય પ્રચાર અને પ્રસાર નો શ્રેષ્ઠ પ્રયાસ **વિજય શાહ**

૮) (મિત્રોને નિસ્યંદન મોકલતા...) , દુર વેરાવળ વસેલા અને કાવ્યની સાધના કરતા ભાઈ યોગેશ વૈદ્યે પોતાની વીગતો તો અંકમાં અને નીચે પણ આપી જ છે.. અંક જોતાં એમની કાવ્ય પરત્વેની ઉત્કટ નીસબત સમજાય તેવી છે...**ઉત્તમ ગજ્જર**

૯) આજના સમયમાં મેગેઝિન પબ્લિશ કરવું એ મોટું કામ છે. સરસ કામ છે અને જવાબદારીનું પણ.. **સંસ્કૃતિરાણી દેસાઈ**

૧૦) 'નિસ્યંદન' અંગે તમે સુંદર આયોજન કર્યું છે તેમાં તમારી સફળતા ઈચ્છું છું. **રતિલાલ ચંદરયા**

૧૧) સામયિક અને એ પણ સાહિત્યિક અને પાછું ગુજરાતમાં ચલાવવું અઘરું કાર્ય છે. અને તેમાયે ઈ સામયિકનો તદ્દન નવતર પ્રયોગ આપે કર્યો છે એ બદલ અભિનંદન..**સલીમ પઢિયાર**

૧૨) Many thanks, but I would request to spared the copies of nisyandan. love and regards, **નગીનદાસ સંઘવી**

૧૩) પ્રિય યોગેશભાઇ, "જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ"ની ઉક્તિને સાર્થક કરતું આપનું ઇ- સામયિક જોયું. તેના પ્રથમ બે અંક તો જોવા મળ્યા નથી પણ ત્રીજા અંકની વૈવિધ્યપૂર્ણ સામગ્રી જોતાં આપની જહેમત ધીમે ધીમે રંગ લાવશે એવી શ્રદ્ધા જાગે છે. મારા કવિમિત્રોને પણ એ ફોર્વર્ડ કરું છું. આપના પ્રયાસની સફળતા ઇચ્છું છું. **દિગંબર સ્વાદિયા**

૧૪) આપને આ ભગીરથ કાર્ય કરવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. સમાજને સાહિત્યજગતને કંઇક આપવાની આપની ભાવના વિરલ છે અને એ માટે આપને સલામ. આમ ને આમ ઉત્તરોત્તર વધુ ને વધુ સારું કામ થતું જાય અને આપને સહયોગ સહકાર મળતો જાય એવી શુભકામના... **ચિરાગ કારિયા**

૧૫) 'નિસ્યંદન'ના 3 અંક ખૂબ ગમ્યા. ખૂબ જ સરસ કામ કરી રહ્યા છો તે બદલ આખી ટીમને અભિનંદન. મેં મારા મિત્રોને તમારો મેઈલ ફોરવર્ડ કર્યો છે. એક વિનંતિ છે કે શ્રી વિનોદ જોશીના કંઠે પઠન થયેલી રચનાઓ અનુકૂળતાએ મૂકશોજી. ખાસ તો "એવું પણ હોય, એના જેવું પણ હોય" એ મારી પ્રિય રચના છે. બાકી તો એમણે પઠન કરેલી કોઈ પણ રચના ગમશે જ. ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આભાર. **ઉત્કંઠા ધોળકિયા**

૧૬) 'નિસ્યંદન'નો અંક મળ્યો અને વાંચી ગયો. તમે ભૂમિકા બાંધી છે તે વાંચતાં તમારી સાહિત્યનિષ્ઠા સામે નતમસ્તક થયો. કાવ્યકૃતિઓ પણ સારી લીધી છે. **દીપક ધોળકિયા**

આપણી સાહિત્ય ધરોહર



મણિલાલ નભુભાઈ દ્વિવેદી(નિબંધકાર, નાટ્યકાર, કવિ, વિવેચક,સંશોધક, સંપાદક. ૨૬-૯-૧૮૫૮ થી ૧-૧૦-૧૮૯૮.)

મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ સાક્ષરભૂમિ નડિયાદમાં થયો હતો. મેટ્રિકની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં નાપાસ થયા પરંતુ બીજે વર્ષે સમગ્ર યુનિવર્સિટીમાં બીજે નંબરે પાસ થયા. અને તેમની નડિયાદની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ત્યાર પછી સરકારી કન્યાશાળાઓના નિરીક્ષક પદે નિમણૂંક થઈ હતી. તેઓ નારીની કેટલી પ્રતિષ્ઠા કરતા હતા તેનું પ્રમાણ 'નારી પ્રતિષ્ઠા' નામનો તેમનો ગ્રંથ જ આપે છે. ધર્મચિંતક તરીકે શંકરાચાર્યનો અદ્વૈત સિદ્ધાંત તેમને વધુ આકર્ષી ગયો હતો. એમણે ૧૭ હસ્તલિખિત સંસ્કૃતગ્રંથોનું ભાષાંતર સહિત સંપાદન કરેલું, જેમાં 'સમાધિશતક', 'ભોજપ્રબંધ', 'તર્કભાષા', 'શ્રી દ્વયાશ્રય મહાકાવ્ય', 'ષડ્દર્શન સમુચ્ચય', 'યોગબિન્દુ', 'કુમારપાલચરિત' વગેરે મુખ્ય છે.ઉપરાંત તેમના 'નૃસિંહાવતાર' અને 'કાન્તા' નાટકો અને 'આત્મ નિમજ્જન' કાવ્યસંગ્રહ ઉલ્લેખનીય છે. ('કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' એ એમનું પ્રસિદ્ધ કાવ્ય) 'સુદર્શન ગદ્યાવલી' (૧૯૧૯) એ એમનો ગુજરાતી નિબંધોનો બૃહત્ સંગ્રહ છે. એમણે 'રામગીતા', 'હનુમન્ નાટક', 'મહાવીરચરિત', 'સમરાદિત્યચરિત'ના ગુજરાતી અનુવાદ કરેલા છે, જે અદ્યાપિ અપ્રગટ છે. 'તર્કકૌમુદી', 'યોગસૂત્ર', 'જીવન્મુક્તિ વિવેક', 'સમાધિશતક' અને 'માંડુક્યોપનિષદ'નાં એમણે તૈયાર કરેલાં અંગ્રેજી ભાષાંતર-સંપાદન પ્રસિદ્ધ થયાં છે. બોમ્બે સંસ્કૃત સીરીઝ માટે એમણે કરેલું 'સ્યાદવાદ મંજરી'નું અંગ્રેજી ભાષાંતર-સંપાદન અધૂરું રહેલું, જે પાછળથી આનંદશંકર ધ્રુવે પૂરું કરેલું અને તે ૧૯૩૩માં પ્રસિદ્ધ થયેલું.

સમાજસુધારા પરત્વે એમની દૃષ્ટિ આંતરિક એટલે હૃદય અને ચારિત્ર્યના સુધારા પર મંડાયેલી હતી. નેશનલ કૉંગ્રેસની પ્રવૃત્તિમાં એમણે સક્રિય ભાગ લીધેલો. એમણે ટિળકને સજા થઈ ત્યારે સ્વમાની પત્રકાર તરીકે એનો વિરોધ દર્શાવેલો. અદ્વૈતસિદ્ધાંત એમની સમગ્ર ચિંતનપ્રવૃત્તિનું ચાલકબળ બન્યો. તેનો ચૈતન્યભાવનારૂપે એમણે 'પ્રિયંવદા' (૧૮૮૫-૧૮૯૦) અને 'સુદર્શન' (૧૮૯૦-૧૮૯૮) માસિકો દ્વારા આમરણ ઉપદેશ આપ્યો.

એક બાજુ બુદ્ધિ અને જ્ઞાન તેમજ બીજી બાજુ અદમ્ય' વૃત્તિઓ વચ્ચે તેઓ ભીંસાતા જ રહ્યા. તેમની સ્મરણીય આત્મકથા ('આત્મચરિત્ર' (૧૯૭૯) આ વાત વગર છુપાવ્યે) જાહેર કરે છે. માત્ર ૪૦ વર્ષનું આયુષ્ય ભોગવી તા. ૧-૧૦-૧૯૯૮ના રોજ તેમનું અવસાન થયું. 'એક બ્રાહ્મણ', 'એક પ્રવાસી', 'અભેગમાર્ગ પ્રવાસી' એમ વિવિધ તખલ્લુસ ધારી મણિલાલને આજે સો વર્ષ બાદ પણ ગુજરાત પ્રખર વિચારક તરીકે સન્માન આપે છે.(શ્રી ધીરુભાઈ ઠાકરના લખાણ અને ગુર્જરી.નેટના આધારે)